**UK ની સંસદીય સમિતિના અહેવાલમાં ભારતનો ઉલ્લેખ કરવા અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં સત્તાવાર પ્રવક્તાએ આપેલ જવાબ**

**01 ઓગસ્ટ, 2025**

UK ની સંસદીય સમિતિના અહેવાલમાં ભારતના ઉલ્લેખ સંબંધિત મીડિયા પ્રશ્નોના જવાબમાં સત્તાવાર પ્રવક્તા શ્રી રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે:

અમે અહેવાલમાં ભારતનો ઉલ્લેખ જોયો છે અને અમે આ પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢીએ છીએ. આ દાવાઓ અપ્રમાણિત અને શંકાસ્પદ સ્રોતોથી આવેલ છે, મુખ્યત્વે પ્રતિબંધિત સંસ્થાઓ અને એવી વ્યક્તિઓ સાથે જોડાયેલ છે, જે ભારત વિરોધી શત્રુતાનો સ્પષ્ટ, દસ્તાવેજીકૃત ઇતિહાસ ધરાવે છે. બદનામ થયેલા સ્રોતો પર ઇરાદાપૂર્વક આધાર રાખવાથી અહેવાલની વિશ્વસનીયતા પર જ પ્રશ્નાર્થ ઊભો થાય છે.

**નવી દિલ્લી**

**01 ઓગસ્ટ, 2025**